**VMS Industries Limited**
Green Ship Recycling
CIN : L74140GJ1991PLC016714
808-C, Pinnacle Business Park, Corporate Road, Prahladnagar, Ahmedabad - 380015, Gujarat (INDIA)
Tele/fax : 079 - 40320484 Tele : 48901470 • E-mail : info@vmsil.in, vmsind@gmail.com • Web.: www.vmsil.in

To,
BSE LIMITED,
C/O LISTING COMPLIANCE,
PHIROZE JEEJEEBHOY TOWERS
DALAL STREET
MUMBAI- 400001

Dear Sir / Madam

Sub: submission press Release on Right Issue of the Company

'We are enclosing herewith Press Release on the on-going Rights Issue of the Company. Rights Issue size upto 80,00,000 Rights equity shares amounting to upto Rs.28 Crore. Published in Divya Bhashkar All edition

Request to kindly take the same on your records

**FOR: VMS INDUSTRIES LIMITED**

Hemal Patel

Digitally signed by Hemal Patel
DN: c=IN, o=Personal,
pseudonym=957a95d440264ba587685d3214e72cd1,
2.5.4.20=4f3dae01fafd4c69248480f8bedc0559756bcc9fa505871af070fea80c33369d,
postalCode=382481, st=Gujarat,
serialNumber=4c52f59e2c01003aadab555617acb8f5bc5f3fc78d9326948c01332aee0fc0a7,
cn=Hemal Patel
Date: 2024.05.07 16:30:29 +05'30'

**Hemal Panakajkumar Patel**
**Company Secretary**
**Membership No.:A24693**

વેપારી મિત્રનું એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયું હોવાનું કહી પૈસા પડાવ્યા

# અન્ય મિત્રને મદદના નામે 8 લાખ પોતાના ખાતામાં જમા કરાવી દીધા

## દાણીલીમડામાં મિત્રે જ મિત્ર સાથે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ

ક્રાઈમ રિપોર્ટર | અમદાવાદ

શહેરના દાણીલીમડા વિસ્તારમાં મિત્રે અન્ય મિત્રને મદદ કરવાના નામે રૂપિયા બેંકમાં જમા કરાવીને રૂ.8.24 લાખની છેતરપિંડી આચરી હતી. એટલે મિત્ર સામે મિત્રે જ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ઈસનપુર વિસ્તારમાં રહેતા મોહંમદ ઉવેશ શેખને વોશિંગ મશીન રિપેરિંગના ધંધામાં મંદી આવી હોવાથી તેમને યુએસડીટી ટ્રેડિંગનું કામ શરૂ કર્યું હતું. ટ્રેડિંગ માટે બેંકમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું. ગત તા. 23 માર્ચે તે એકાઉન્ટ કોઈ કારણસર ફ્રીઝ થઈ ગયું હતું, જેથી તેમને મિત્ર જુનેદ વોરાને આ અંગે વાત કરતા જુનેદે મારા બેન્ક એકાઉન્ટમાં રૂપિયા જમા કરાવો હું તમને સહી કરેલો ચેક આપું છું. તમે બારોબાર રૂપિયા ઉપાડી લેજો તેમ કહેતા મોહંમદ ઉવેશે તેમના એકાઉન્ટમાં કુલ રૂ. 8.24 લાખ ટ્રાન્સફર કર્યા હતા. તેના બદલે જુનેદે બે ચેક આપ્યા હતા. ત્યાર બાદ મોહંમદ ઉવેશે બેંકમાં ચેક ભરતા રિર્ટન થયો હતો, જેથી બેંકમાં તપાસ કરતા ચેકમાં સહી ખોટી છે તેમ જ એકાઉન્ટમાંથી રૂ. 1 લાખ ઊપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું, જે બાદ જુનેદને મોબાઈલ ફોન કરતા તે બંધ આવતો હતો અને તેની શોધખોળ કરી, પરંતુ મળ્યો ન હતો. આ અંગે મોહંમદ ઉવેશે જુનેદ વિરુદ્ધ દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની કાર્યવાહી

# વિદેશમાં પ્રતિબંધિત 9 મસાલાનાં સેમ્પલ લઈ ચકાસણી શરૂ કરાઈ

હેલ્થ રિપોર્ટર | અમદાવાદ

તાજેતરમાં વિદેશમાં એક્સપોર્ટ કરાયેલાં બે કંપનીના ગરમ મસાલા રિજેક્ટ કરાયાં છે, જેથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે આ બંને કંપનીના 9 જેટલાં વિવિધ પ્રકારના મસાલાનું સેમ્પલ લઈને ચેકિંગ હાથ ધર્યું છે.

રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના કમિશનર ડો. હેમંત કોશિયાએ જણાવ્યું કે, વિભાગ દ્વારા દર વર્ષે મસાલાનું ચેકિંગ કરાય છે, પરંતુ તાજેતરમાં વલસાડમાં મસાલા બનાવતી અને ગુજરાતમાં ડિસ્ટ્રિબ્યુટર્સ ધરાવતી કંપનીના ફિશ કરી સહિતના 9 જેટલા મસાલાનું સેમ્પલ લઈને ચેકિંગ હાથ ધર્યું છે. દેશમાંથી એક્સપોર્ટ કરાતાં વિવિધ પ્રકારના મસાલાનું લાઈસન્સથી લઈને વિદેશમાં એક્સપોર્ટની પરવાનગીની સત્તા સેન્ટ્રલ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ પાસે જ હોય છે તેમ જ વિદેશમાં એક્સપોર્ટ કરાતાં મસાલાનું પેકિંગ તેમ જ તેમાં વપરાતા પ્રિઝર્વેટિવ યુરોપિયન ગાઈડલાઈન મુજબ ન હોય તો તેને જે તે પોર્ટ પરથી રિજેક્ટ કરાતા હોય છે. જોકે એક્સપોર્ટ કરાયેલા આ બંને કંપનીના મસાલા હલકી ગુણવત્તાના નથી, પરંતુ એક્સપોર્ટ કરાતાં મસાલા લાંબો સમય સારા રહે તે માટે સર્ટિલાઈઝ કરવા અને જીવાત ન પડે તે માટેની ભારતમાં ચોક્કસ ગાઈડલાઈન નથી.

અન્ય સ્પામાં નોકરી કરવા જવાના નિર્ણયનું વેર વાળ્યું હતું

# સ્પાના માલિક અને 2 ગર્લફ્રેન્ડે પૂર્વ મહિલા કર્મચારીને જાહેરમાં ફટકારી

## વેજલપુરની ઘટના, પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી

ક્રાઈમ રિપોર્ટર | અમદાવાદ

સ્પાના માલિક સાથે મનમેળ નહીં રહેતા બીજા સ્પામાં નોકરી કરવા ગયેલી યુવતીને સ્પાના માલિક અને તેની 2 ગર્લ ફ્રેન્ડે જાહેરમાં માર માર્યો હતો. વેજલપુર બુટ ભવાની પાસેની આ ઘટનામાં યુવતીની ફરિયાદના આધારે પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મૂળ હરિયાણાના મોનાબહેન (નામ બદલ્યું છે) હાલમાં વેજલપુરમાં રહે છે અને ઝાયડસ હોસ્પિટલ પાસે આવેલા ઝોહન સ્પામાં નોકરી કરે છે. 6 મહિના પહેલા મોનાબહેન પ્રહલાદનગર રોડ ટાઈટેનિયમ સિટી સેન્ટરમાં આવેલા ટાઈટેનિયમ સ્પામાં નોકરી કરતાં હતાં. પરંતુ સ્પાના માલિક સંજય ઠક્કર સાથે મનમેળ ન રહેતા નોકરી છોડી દીધી હતી.

શનિવારે રાતે 10 વાગ્યે મોનાબહેન તેમના બહેન સાથે વેજલપુર બુટભવાની સામે આવેલા પાન પાર્લર ખાતે કોલ્ડડ્રિંક્સ લેવા ગયા હતા. ત્યાં સંજય ઠક્કર તેમની ગર્લફ્રેન્ડ તેમજ અન્ય એક યુવતી સાથે આવ્યા હતા. સંજયની ગર્લફ્રેન્ડે મોનાબહેનને કહ્યું હતુ કે તું મારા ફોન કેમ ઉપાડતી નથી. તેમ કહીને ગાળો બોલવા લાગી હતી. જેથી મોનાએ ગાળો નહીં બોલવાનું કહેતા બંને યુવતીએ મોના સાથે ઝગડો કરી મારા મારી કરી હતી. સંજયે મોનાનો ફોન પછાડીને તોડી નાખ્યો હતો. અન્ય એકે તેને ધક્કો મારીને નીચે પાડી દીધી હતી.

વધારાનો વાયર લગાવી વીજ જોડાણ કર્યું હતું

# વટવા અને શાહઆલમમાં વીજ ચોરી કરનાર 2ને 3 વર્ષની જેલ

લીગલ રિપોર્ટર | અમદાવાદ

વટવા અને શાહઆલમમાં ટોરેન્ટ પાવર કંપનીના એલસી વાયરમાં પંક્ચર કરી, કંપનીના સિન્ટેક્સ બોક્સના કેબલમાં વધારાનો વાયર લગાવી ઘર અને દુકાનમાં ગેરકાયદે વીજ જોડાણ કરી વીજચોરીના કેસમાં મહિલા આરોપી રૂખસાનાબાનુ કબાન અને હનીફભાઈ શેખને એડિશનલ સેશન્સ જજ એસ.વી.વ્યાસે ત્રણ-ત્રણ વર્ષની સજા ફટકારવાની સાથે રૂકસાના કબાનને રૂ.34,641 અને હનીફ શેખને રૂ.46,800 નો દંડ ફટકાર્યો છે.

વટવામાં રહેતી રૂકસાનાબાનુ કેજીએન પાન એન્ડ ટી સેન્ટર ચલાવે છે. ટોરેન્ટ પાવર કંપનીના રેકર્ડ પ્રમાણે સ્ટાફે રૂકસાનાબાનુની દુકાને જઈ તપાસ કરતા, કપાયેલું વીજ તથા મીટર રિમૂવ કરેલું જોવા મળતાં કંપનીના લોકોએ વધુ તપાસ કરતા રૂખસાનાએ વીજ કંપનીના વાયરમાં પંક્ચર કરી વધારાના બે વાયરનું જોડાણ કરી ગેરકાયદે વીજ વપરાશ કરતી હોવાનું જણાયું હતું. શાહઆલમમાં રહેતા હનીફ શેખે વીજ કંપનીના સિંટેક્સ બોક્ષના કેબલમાં ગેરકાયદે વધારાના વાયર લગાવી જોડાણ કરી ઘરમાં લાઈટ, પંખા, ફ્રીઝ, ટીવી, એસી ચલાવી વીજચોરી કરતી હતી. બંને કેસમાં કંપનીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ બંને કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ ડી.એમ.ઠાકોરે દસ્તાવેજી પુરાવા અને સાક્ષીઓ તપાસી બંને આરોપી સામે ગુનો પુરવાર કરી આરોપીઓને વીજ ચોરીના કેસમાં સજા ફટકારી હતી. આ રીતે વીજ ચોરી કરનારા લોકોમાં કાયદાનો ડર બેસે તેથી કોર્ટે રેકર્ડ પરના પુરાવાના આધારે ઉપરોકત હુકમ કર્યો હતો.

## સિવિલમાં સ્વાઈન ફ્લૂના બે દર્દી, એક બાયપેપ, એક ઓક્સિજન પર

હેલ્થ રિપોર્ટર | અમદાવાદ

સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના બે દર્દી નોંધાયા છે, આ બે દર્દીમાંથી એક દર્દી ઓક્સિજન પર જ્યારે અન્ય એક દર્દી બાયપેપ પર રખાયો છે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું કે, હોસ્પિટલમાં શ્વાસોશ્વાસની તકલીફ સાથે બે દર્દીને સારવાર માટે દાખલ કરાયા હતા. આ બંનેનો સ્વાઈન ફ્લૂ રિપોર્ટ પોઝિટિવ હોવાથી તેમને હોસ્પિટલના ડી-9 વોર્ડમાં દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. બંને દર્દીને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડતી હોવાથી એક દર્દીને ઓક્સિજન આપવામાં આવી રહ્યો છે. જ્યારે બીજા દર્દીને બાયપેપ પર રખાયા છે. શહેરમાં ગરમી વધી હોવાથી એપ્રિલથી જ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં હીટ સ્ટ્રોક વોર્ડ શરૂ કર્યો છે, પરંતુ, હજુ સુધી હીટ સ્ટ્રોકની ગંભીર અસર થવાથી કોઈ દર્દીને દાખલ કરાયું નથી.

**ધી ટેક્ષટાઈલ પ્રોસેસર્સ કો.ઓપરેટીવ બેંક લી. (ફડચામાં)**
**અંજુમન હાઈસ્કુલ સામે, ગોળ લીમડા, આસ્ટોડિયા રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧**
**(૦૭૯ ૨૫૩૫૨૧૮૭, મો.નં. ૮૧૨૮૬ ૮૦૮૦૫)**

**સ્થાવર મિલકતોનાં વેચાણ માટે નોટિસ**

**પરિશિષ્ટ-૪-એ-(જુઓ નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઈઓ)**

સીક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨નાં નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઈઓ સાથે વંચાતા સિક્યોરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોનાં વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સીક્યોર્ડ લેણદારને ગીરો / ચાર્જ્ડ / હાઈપોથીકેથેડ કરાયેલ છે. જેનો ધી ટેક્ષટાઈલ પ્રોસેસર્સ કો. ઓપરેટીવ બેંક લી. (ફડચામાં) અમદાવાદનાં સીક્યોર્ડ લેણદારનાં અધિકૃત અધિકારીએ પ્રત્યક્ષ કબજો લઈ લીધો છે. જેનું વેચાણ ઈ-હરાજીથી નીચે જણાવેલ એકાઉન્ટ(ટો) ની વસૂલાત માટે "જ્યાં છે", "જે છે", "જેમ છે" કોઈપણ આશ્રય આધાર વિનાનાં ધોરણે તા. ૧૮.૦૬.૨૦૨૪ થી તા. ૨૧.૦૬.૨૦૨૪ નાં રોજ કરવામાં આવશે. દેવાદાર(રો) / જામીનદાર(રો) / સીક્યોર્ડ મિલકત(તો) / બાકી રકમ / રિઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, રજીસ્ટ્રેશન ફી, ઈ.એમ.ડી. અને બિડ વૃદ્ધિની રકમ નીચે જણાવેલ છે.

**<u>સુરક્ષિત અસ્કયામતોનું શિડ્યુલ</u>**

**ઈ-હરાજીની તારીખ: ૧૮.૦૬.૨૦૨૪ થી તારીખ: ૨૧.૦૬.૨૦૨૪**

**રજીસ્ટ્રેશન ફી, ઈ.એમ.ડી. અને ફિઝીકલ ડોક્યુમેન્ટ બેંકમાં જમા કરાવવાની છેલ્લી તારીખ: ૧૧.૦૬.૨૦૨૪, સમય: સાંજે: ૦૫.૦૦ વાગ્યા સુધી.**

| ખાતા ધારકનું નામ અને સરનામું તથા કરજદાર / જામીનદારોના નામ અને સરનામા | અચલિત / સ્થાવર મિલકતોની વિગતો ગીરોધાર / માલિકોના નામ (ગીરો મિલકતો) | (ઈ) સરફેસી એક્ટ ૨૦૦૨ ના ૧૩(૨) અંતર્ગત ડિમાન્ડ નોટિસ તારીખ (એફ ૧) સરફેસી એક્ટ ૨૦૦૨ના ૧૩(૨) અંતર્ગત ડિમાન્ડ નોટિસની બાકી રકમ (એફ ૨) તારીખ: ૩૧.૦૩.૨૪ના રોજ બાકી રકમ (જી) સરફેસી એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩(૪) અંતર્ગત કબજા તારીખ (એચ) કબજાનો પ્રકાર સાંકેતિક / પ્રત્યેક્ષ / કન્સ્ટ્રક્ટીવ (આઈ) તા. ૧૩(૨) ની નોટિસ આપ્યા પછી તા. ૩૧.૦૩.૨૪ સુધી આવેલ વસુલાત | (એ) રજીસ્ટ્રેશન ફી (બી) રીઝર્વ કિંમત (સી) ઈએમડી (ડી) બીડ વધારવાની રકમ | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| મેસર્સ સ્વરશિલ્પ પ્રોપર્ટીઝ લી. રત્નમણી કોમ્પલેક્ષની સામે, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ.<br>શ્રી સંજય રમેશચન્દ્ર શાહ મેસર્સ સ્વરશિલ્પ પ્રોપર્ટીઝ લી. ના ચેરમેન અને એમ.ડી. ૧૪, પારિતોષ બંગ્લો, અશ્વમેઘની સામે, સેટેલાઈટ, અમદાવાદ<br>જામીનદાર:<br>(૧) ભાવેશ શાહ ૫૩, સચિન પાર્ક સોસાયટી, જોધપુર ગામ રોડ, સેટેલાઈટ, અમદાવાદ<br>(૨) જયેશ એન. ગાંધી સી/૧૧, મંગલદીપ એપાર્ટમેન્ટ, જોધપુર ગામ રોડ, સેટેલાઈટ, અમદાવાદ | ફાઈનલ પ્લોટ નં. ૧૫૦, ટી.પી.સી.નં. ૩, મોજે વેજલપુર, તાલુકા સીટી ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ખાતે આવેલ કાનજી મહારાજ કો.ઓ.હા.સો.લી. (વિભાગ-૧) નંદનવન-૩ ના પહેલા માળે આવેલ ૧૨ દુકાનો<br>(૧) દુકાન નં. ૧૦-૨૬૨ ચો.ફુટ<br>(૨) દુકાન નં. ૧૧-૨૬૪ ચો.ફુટ<br>(૩) દુકાન નં. ૧૨-૨૩૮ ચો.ફુટ<br>(૪) દુકાન નં. ૧૩-૨૩૨ ચો.ફુટ<br>(૫) દુકાન નં. ૧૪-૨૫૦ ચો. ફુટ<br>(૬) દુકાન નં. ૧૫-૩૦૬ ચો.ફુટ<br>(૭) દુકાન નં. ૧૭-૨૫૦ ચો.ફુટ<br>(૮) દુકાન નં. ૧૮-૨૦૮ ચો.ફુટ<br>(૯) દુકાન નં. ૨૦-૩૦૮ ચો.ફુટ<br>(૧૦) દુકાન નં. ૨૧-૩૨૦ ચો.ફુટ<br>(૧૧) દુકાન નં. ૨૨-૩૧૨ ચો.ફુટ<br>(૧૨) દુકાન નં. ૯-૨૫ ચો.ફુટ | (ઈ) ૧૩.૦૩.૨૦૦૩<br>(એફ ૧) રૂા. ૬૨,૩૬,૯૨૩/-<br>(એફ ૨) રૂા. ૨,૪૪,૫૩,૩૭૪/-<br>(જી) ૨૯.૦૪.૨૦૦૪<br>(એચ) પ્રત્યક્ષ<br>(આઈ) રૂા. ૮,૫૦,૦૦૦/- | (એ) રૂા. ૧,૦૦૦/- (દરેક દુકાન દીઠ)<br>(બી)<br>(૧) રૂા. ૧૮,૩૪,૦૦૦<br>(૨) રૂા. ૧૮,૪૮,૦૦૦<br>(૩) રૂા. ૧૬,૬૬,૦૦૦<br>(૪) રૂા. ૧૬,૨૪,૦૦૦<br>(૫) રૂા. ૧૭,૫૦,૦૦૦<br>(૬) રૂા. ૨૧,૪૨,૦૦૦<br>(૭) રૂા. ૧૭,૫૦,૦૦૦<br>(૮) રૂા. ૧૪,૫૬,૦૦૦<br>(૯) રૂા. ૨૧,૫૬,૦૦૦<br>(૧૦) રૂા. ૨૨,૪૦,૦૦૦<br>(૧૧) રૂા. ૨૧,૮૪,૦૦૦<br>(૧૨) રૂા. ૧,૭૫,૦૦૦<br>(સી) રિઝર્વ કિંમતના ૧૦%<br>(ડી) રૂા. ૧૦,૦૦૦/- | તા. ૧૮.૦૬.૨૪ સમય ૧૧.૩૦<br>તા. ૧૮.૦૬.૨૪ સમય ૧.૦૦<br>તા. ૧૮.૦૬.૨૪ સમય ૨.૩૦<br>તા. ૧૯.૦૬.૨૪ સમય ૧૧.૩૦<br>તા. ૧૯.૦૬.૨૪ સમય ૧.૦૦<br>તા. ૧૯.૦૬.૨૪ સમય ૨.૩૦<br>તા. ૨૦.૦૬.૨૪ સમય ૧૧.૩૦<br>તા. ૨૦.૦૬.૨૪ સમય ૧.૦૦<br>તા. ૨૦.૦૬.૨૪ સમય ૨.૩૦<br>તા. ૨૧.૦૬.૨૪ સમય ૧૧.૩૦<br>તા. ૨૧.૦૬.૨૪ સમય ૧.૦૦<br>તા. ૨૧.૦૬.૨૪ સમય ૨.૩૦ |

ઈ-હરાજીના વેચાણ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ માં આપેલ શરતો અને નિયમોને આધીન રહીને થશે. ઈ-હરાજીના નિયમો અને શરતોની વિગતો https://e-auction.nprocure.com વેબસાઈટ ઉપર તથા બેંકના સરનામેથી મળશે.

**તારીખ: ૦૬.૦૫.૨૦૨૪** **વેચાણ અધિકારી / અધિકૃત અધિકારી**
**સ્થળ: અમદાવાદ** **ધી ટેક્ષટાઈલ પ્રોસેસર્સ કો.ઓપરેટીવ બેંક લી. (ફડચામાં) અમદાવાદ**

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) હેઠળ ૩૦ દિવસની વૈધાનિક નોટિસ**

લેણદાર(રો), જામીનદાર(રો), ગીરોધાર(રો)ને આથી જણાવવામાં આવે છે કે, ઉપર દર્શાવેલ માંગણાની રકમ વ્યાજ અને ખર્ચ સહિત ઈ-હરાજી વેચાણની તારીખ: ૧૮.૦૬.૨૦૨૪, સમય: સવારે ૧૧.૦૦ કલાક સુધીમાં સદર ફડચા બેંકમાં જમા કરવામાં નહીં આવે તો ઉપર દર્શાવેલ સ્થાવર મિલકતોનું ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે જે સબબ આ સેલ નોટિસ ઈસ્યુ કરવામાં આવે છે.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A LETTER OF OFFER ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. FOR PRIVATE CIRCULATION TO THE ELIGIBLE EQUITY SHAREHOLDERS OF VMS INDUSTRIES LIMITED.

**NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA**

SCAN ME

VMS

Our Company was originally incorporated as 'Varun Management Services Private Limited' on December 2, 1991 under the Companies Act, 1956 with the Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli ("RoC"). The name of the Company was changed to 'VMS Industries Private Limited' pursuant to a special resolution passed by the shareholders at the EGM held on March 12, 2007 and a fresh Certificate of Incorporation issued by RoC dated May 22, 2007. Subsequently our Company was converted into a public limited company and our name was changed to 'VMS Industries Limited' pursuant to a special resolution passed by the shareholders at the EGM held on December 31, 2009 and a fresh Certificate of Incorporation was issued by RoC dated January 29, 2010.

**Corporate Identification Number: L74140GJ1991PLC016714**
**Registered Office: 808/C Pinnacle Business Park Corporate Road, Prahladnagar, Ahmedabad, Gujarat - 380015, India**
**Telephone: +91-99789 41676; Email id: info@vmsil.in**
**Website: www.vmsil.in;**
**Contact Person: Hemal Panakajkumar Patel**

**PROMOTERS OF OUR COMPANY: MR. MANOJ KUMAR JAIN AND MRS. SANGEETA JAIN**

| | ISSUE PROGRAMME | |
|---|---|---|
| ISSUE OPENED ON | LAST DATE FOR MARKET RENUNCIATION* | ISSUE CLOSES ON** |
| 2nd MAY, 2024 | 10TH MAY, 2024 | 16TH MAY, 2024 |

*Pursuant to the Streamlining of Rights Issue Circular, SEBI has introduced the concept of credit of Rights Entitlements into the demat accounts of the Eligible Equity Shareholders, which can be renounced by them by way of On Market Renunciation or Off Market renunciation. The credit of Rights Entitlements and Allotment of Rights Equity Shares shall be made only in dematerialized form.

**Our Board will have the right to extend the Issue period as it may determine from time to time, provided that this Issue will not remain open in excess of 30 (Thirty) days from the Issue Opening Date. Further, no withdrawal of Application shall be permitted by any Applicant after the Issue Closing Date.

**RIGHT ISSUE OF UPTO 8000000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10.00 EACH ("EQUITY SHARES" OR "RIGHTS EQUITY SHARES) OF OUR COMPANY FOR CASH AT A PRICE OF ₹ 35.00 PER RIGHTS EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 25.00 PER RIGHTS EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING UP TO ₹ 2800.00 LAKHS* ("THE ISSUE ") ON A RIGHTS BASIS TO ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY IN THE RATIO OF 16 RIGHTS EQUITY SHARES FOR EVERY 33 FULLY PAID-UP EQUITY SHARES HELD BY ELIGIBLE EQUITY SHAREHOLDERS OF OUR COMPANY ON THE RECORD DATE, THAT IS 18TH APRIL, 2024 (THE "ISSUE"). FOR FURTHER DETAILS, SEE "TERMS OF THE ISSUE" BEGINNING ON PAGE 116.**

*** Assuming full Subscription**

**COMPANY IS MAINLY ENGAGED IN THE BUSINESS OF SHIP RECYCLING, ASSETS DISMANTLING & DEMOLITION AND DEALING INTO VARIOUS METALS.**

**Simple, Safe, Smart way of Application- Make use of it!!!**

***Applications Supported by Blocked Amount (ASBA) is a better way of applying to issues by simply blocking the fund in the bank account, investors can avail the same. For details, check section on ASBA below. Mandatory in Public Issues from January 01, 2016. No cheque will be accepted**

**<u>RISK TO INVESTOR</u>**

1. The Company does not own the premises/plots for ship recycling which may materially affect our operations.
2. Ship breaking is a highly polluting industry.
3. The Company is dependent on a small number of customers for sales. The loss of any of these large customers may affect our revenues and profitability.
4. The Company is dependent on a small number of suppliers for purchase. The loss of any of these large suppliers may affect our revenues and profitability
5. Our Company had a negative cash flow in its operating activities in the past years, details of which are for the period ended on September 30, 2023 Rs. 776.01 Lakhs, March 31, 2023 Rs. (554.19) Lakhs and March 31, 2022 (1,147.60) Lakhs. Sustained negative cash flow could impact on our growth and business.
6. We operate under certain regulatory licences, permits and approvals and any delay or inability to obtain, maintain or renew these statutory and regulatory licenses, permits and approvals may adversely affect our business and operations.
7. Our business operations are affected by volatility in the metal prices. Any decrease in metal prices may have an adverse effect on our business, financial condition and results of operations.
8. Almost entire revenue from operations are generated from India. Any adverse development affecting our operations in India could have an adverse impact on our business, financial condition and results of operations.

**FINANCIAL HIGHLIGHTS** ₹ in Lakhs

| Particulars | 12M FY'24 | 12M FY'23 | Change % |
|---|---|---|---|
| Revenue | 26637.28 | 14038.87 | 89.74 |
| EBITDA | 1,054.20 | 501.66 | 110.14 |
| Profit Before Tax | 844.64 | 298.34 | 183.11 |
| Profit After Tax | 631.53 | 249.75 | 152.86 |

**Revenue:** Achieved a remarkable growth for the full fiscal year FY'24, revenue surged to Rs 26637.28 Lakhs , marking a substantial growth of 89.74%.

**Reported EBITDA:** Recorded growth in the full-year Reported EBITDA reached Rs 1,054.20 Lakhs, reflecting a growth of 110.14%.

**Profit Before Tax:** For the full fiscal year FY'24, Reported PBT stood at Rs 844.64 Lakhs, indicating a growth of 183.11%.

**Profit After Tax:** The full-year Reported PAT surged to Rs 631.53 Lakhs, representing a growth of 152.86%.

**<u>ISSUE SCHEDULE</u>**

| | |
|---|---|
| Issue Opened on | Thursday, May 02, 2024 |
| Last Date for On Market Renunciation* | Friday, May 10, 2024 |
| Issue Closing Date | Thursday, May 16, 2024 |
| Finalisation of Basis of Allotment (on or about) | On or before Thursday, May 23, 2024 |
| Date of Allotment (on or about) | On or before Thursday, May 23, 2024 |
| Date of Credit (on or about) | On or before Tuesday, May 28, 2024 |
| Date of Listing (on or about) | On or before Thursday, May 30, 2024 |

* Eligible Equity Shareholders are requested to ensure that renunciation through off-market transfer is completed in such a manner that the Rights Entitlements are credited to the demat account of the Renouncees on or prior to the Issue Closing Date.

Our Board of Directors may however decide to extend the Issue Period as it may determine from time to time but not exceeding 30 (Thirty) days from the Issue Opening Date (inclusive of the Issue Opening Date).

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the Letter of Offer.**

**Place: Ahmedabad**
**Date: May 04, 2024**

**sd/- MANOJ KUMAR JAIN**
**CHAIRMAN AND MANAGING DIRECTOR**

Disclaimer: Our Company is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to issue fully Paid-up Equity Shares on a rights basis and has filed a Letter of Offer dated April 20, 2024 with Stock Exchange i.e. BSE Limited. The Letter of Offer is available on the website of Stock Exchange where the Equity Shares are listed i.e. BSE Limited at www.bseindia.com, on the website of the company at www.vmsil.in and the website of the RTA i.e. Cameo Corporate Services Limited at https://rights.cameoindia.com/vms. Investors should note that investment in equity shares involves a high degree of risk and are requested to refer to the Letter of Offer including the section "Risk Factors" beginning on page 24 of the Letter of Offer. This announcement has been prepared for publication in India and may not be released in the United States. This announcement does not constitute an offer of Rights Equity Shares for sale in any jurisdiction, including the United States, and any Rights Equity Shares described in this announcement may not be offered or sold in the United States absent registration under the US Securities Act of 1933, as amended, or an exemption from registration. There will be no public offering of Rights Equity Shares in the United States.